# ''નવસારી પ્રાંતમાં મહારાજા સયાજીરાવ ત્રીજાના કન્યા કેળવણી માટેના પ્રયાસો''

ડૉ. કે.જી.પટેલ.
ઈતિહાસ વિભાગ
એમ.એન.કોલેજ,વિસનગર,જિ.મહેસાણા

**પ્રસ્તાવના :–** વિદ્યાનરાગી મહારાજા સયાજીરાવ ત્રીજાના સમય(૧૮૭૫–૧૯૩૯)થી ગુજરાતમાં સ્ત્રીઓના ઉત્થાન માટે શિક્ષણન મહત્વ સ્વોકારી કન્યા કેળવણી પર ભાર મૂકવામાં આવેલો. ઈ.સ. ૧૮૭૫થી વડોદરા રાજયમાં શિક્ષણક્ષેત્રે સરકારી શાળાઓની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ કેળવણી ખાતું શરૂ કરવામાં આવ્યું. રાજય તરફથી સરકારી શિક્ષણ વ્યવસ્થા તથા સરકારી સ્કૂલો ત્યારથી શરૂ થઈ. એ પહેલાં કેળવણીની સગવડની લોકો વ્યવસ્થા કરી લેતા. બ્રાહમણો ખાનગી નિશાળો ખોલતા. જે પંડયાજીની નિશાળો કે ઘૂળિયા નિશાળો તરીકે ઓળખાતી.[1]

**મહારાજા સયાજીરાવ ત્રીજાના કન્યા કેળવણી માટે પ્રયાસો :–** શ્રીમંત મહારાજા સયાજીરાવ ત્રીજા સ્ત્રીઓની કેળવણીમાં હંમેશા ઘણો જ રસ લેતા. ઈ.સ. ૧૮૮૫ની સાલમાં સ્ત્રી શિક્ષણ સંબંઘી પોતાના વિચારો વ્યકત કરતાં એક પ્રસંગે કહયું હતું કે ''કન્યા કેળવણીની ઉપયોગિતા સંબંઘી હું ખાસ ભાર દઈ કહેવા માગુ છું કે બાળકોના મગજને ખરી દિશામાં વાળવામાં અને કેટલીક નાની મોટી કુટેવોનો ઉચ્છેદ કરવામાં જો સૌથી શ્રેષ્ઠ તથા બળવાન સાઘન આપણે કલ્પી શકીએ તો તે સતત દેખરખ રાખી શકે અને બાળકોના હૃદય જીતી લઈ યોગ્ય દિશામાં તેમને લઈ જઈ શકે તેવી સુશિક્ષિત માતાઓ જ છે. કોઈ પણ પ્રજાનું સામાજિક જીવન સુવ્યવસ્થિત રાખવાનું કાર્ય સ્ત્રીઓનું જ છે. સ્ત્રીઓ અને પુરૂષોની ઉન્નતી કે અવનતિ એક સાથે જ રહેલી હોય છે. કન્યાઓ આપણા સામાજિક જીવનમાં તેઓની ફરજ સમજવાની યોગ્યતા વાળી થઈ શકે એટલા ખાતર કન્યા શાળાઓ સ્થાપવા તરફ હું મારું ખાસ લક્ષ્ય રાખીશ.આ પરથી કહી શકાય કે સ્ત્રી ઉત્થાન અને તેના દ્વારા સમાજ ઉત્થાન માટે કેળવણી સબળ માઘ્યમ બની શકે છે તે પ્રકારના શ્રીમંત મહારાજના વિચારો હતા. ઈ.સ.૧૯૦૫ ની સાલમાં સ્ત્રી શિક્ષણ પદ્ધતિ પાઠશાળાઓમાં કન્યાઓ માટે અંગ્રેજી શિખવવાના વર્ગો પહેલી જ વાર કાઢવામાં આવ્યા.[2]

સ્ત્રા કેળવણીનો સાચો વિકાસ વાસમી સદીમાં જ થયો. એ પહેલાં સ્ત્રી કેળવણી માટે થયેલા પ્રયત્નો મર્યાદિત રહયા હતા. સ્ત્રી એક સાચી ગૃહિણી અને સારી માતા બની શકે એ આશયથી જ એને મર્યાદિત કેળવણી અપાતી. જૂના જમાનામાં એવુ મનાતુ કે સ્ત્રીને રોટલા ઘડતાં આવડયા, વાસણ ઉજાળતાં આવડયા અને કૂવામાંથી પાણી કાઢતાં આવડયું એટલે એણે સંસારની કેળવણી પ્રાપ્ત કરી લીઘી કહેવાય. નાની છોકરીઓ સાત–આઠ વરસની ઉંમરે ઘરનો કચરો–પૂંજો કાઢવા લાગતી અને મીઠે કૂવેથી પાણી લાવતાં શીખી જતી. આવી માન્યતા હિંદુઓમાં તેમજ અન્ય કોમોમાં પણ હતી. પારસી છોકરાઓ માટે શેઠની સાર(નિશાળ) હતી. તેમ પારસી છોકરીઓ માટે શેઠાણીની સાર(નિશાળ) હતી. નવસારીમાં ઈ.સ.૧૮૯૭ સુઘી 'માણેકબાઈની સાર' પ્રખ્યાત હતી. આમાં ચાત્રી કાંતવાથી તે કસ્તી વિણવાનું રાંઘવાનું વગેરે કામ શીખવવામાં આવતું. મહાત્મા ગાંઘી અને અન્ય

રાષ્ટ્રીય નેતાઓ તથા સમાજ સુધારકોની પ્રેરણા મેળવીને સ્વરાજ પ્રાપ્તિની લડતમાં ગુજરાતની સ્ત્રીઓએ પોતાને પુરૂષ સમોવડી પુરવાર કરી અને એ પછી જ સ્ત્રી કેળવણી પ્રત્યે સમાજ જાગૃત બન્યો.

**કન્યા શાળાઓની સ્થાપના :–** ઈ.સ.૧૮૭૫માં શ્રીસયાજીરાવ ત્રીજા ગાદી પર આવ્યા ત્યાં સુધી કન્યા શાળાઓની સંખ્યા નજીવી હતી. રાજય તરફથી કેળવણીની સંસ્થા પર કંઈ ખર્ચ થતો નહી. ઈ.સ. ૧૮૭૫માં કન્યા કેળવણીના પ્રથમ મંડાણ બે શાળા–એક ગુજરાતી અને એક મરાઠી એ રૂપે થયો. આ કાર્યનો માર્ગ સહેલો ન હતો. પ્રજામત કેળવણીની તરફેણમાં નહોતો થયો. બાળલગ્નની પ્રથા પણ હયાતીમાં હતી. કોઈ કોઈ સંસ્કારી ઘરોમાં ખાનગી રીતે કન્યાઓને શિક્ષણ અપાતું પણ તેમને શાળામાં મોકલનાર થોડા જ નીકળતા.

**વડોદરા રાજયમાં કન્યા શિક્ષણ :–** ઈ.સ. ૧૮૮૨માં આખા વડોદરા રાજયમાં ૧૨ કન્યા શાળાઓ હતી. તેમાં ૧૦૭૦ કન્યાઓ અભ્યાસ કરતી. ઈ.સ. ૧૯૦૭ માં મફત ફરજિયાત શિક્ષણનો કાયદો થતાં અલગ કન્યા શાળાઓ સ્થપાતાં કન્યા શાળાઓની સંખ્યા વધીને ૯૪ થઈ હતી અને તેમાં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યા વધીને ૧૨૭૩૧ થઈ હતી. ઉપરોકત સમય ગાળામાં શાળા તથા વિદ્યાર્થીનીઓની સંખ્યાનો થયેલ વધારો એ સમયે કન્યા કેળવણી તરફની જાગૃતિ તથા કન્યા શિક્ષણનો ઉત્સાહ બતાવે છે. શરૂઆતથી જ જે સ્થળોએ કન્યાઓની સંખ્યા શાળા પૂરતી ના હોય ત્યાં ૧૨ વર્ષની અંદરની કન્યાઓ છોકરાઓની શાળામાં દાખલ કરવામાં આવતી. કન્યા કેળવણીની ટકાવારી જોઈએ તો શાળામાં ભણી શકે એ ઉંમરની ૧૦% કન્યાઓ અભ્યાસ કરતી. મુખ્ય શહેરોમાં જયાં જોગવાઈ થઈ શકતી ત્યાં કન્યા શાળામાં ભરતકામ, ચિત્રકામ, રાંધણકળા તથા સંગીત એ ઉપયોગી વિષયો દાખલ કર્યા હતા. ૧૪ વિદ્યાર્થીનીઓથી શરૂ થયેલી ટ્રેનિંગ કોલેજમાં સંખ્યા વધીને ૨૬ થઈ. વળી,મોટી ઉંમરની સ્ત્રીઓને માટે ઝનાના વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો.[૩]

વડોદરા રાજય કેળવણીની બાબતમાં સમગ્ર દેશમાં મોખરે હતું. સ્ત્રી કેળવણી માટે એ વિશેષ સજાગ હતું. કન્યા કેળવણીના વિકાસ માટે એ સતત પ્રયત્નશીલ હતું. વળી, આ જિલ્લામાં પારસી જેવી પ્રગતીશીલ પ્રજાની વસતી પ્રથમથી જ વિશેષ હતી. આ શિક્ષણપ્રેમી પ્રજામાં કન્યા કેળવણીનું પ્રમાણ સવિશેષ હતું.ઈ.સ.૧૯૨૧ ના વસતો પત્રકના આંકડા પ્રમાણે હિંદુઓમાં દર હજારે માત્ર ૧૯ અને મુસ્લિમોમાં માત્ર ૧૨ સ્ત્રીઓ શિક્ષણ પામેલી હતી ત્યારે પારસીઓમાં તે સંખ્યા ૬૭૪ હતી. આ આંકડાઓ દર્શાવે છે કે પારસી સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓ કરતાં કેળવણીમાં ખૂબ જ આગળ હતી. પારસીઓ કન્યાશાળાઓ સ્થાપવામાં અગ્રેસર હતા.ઈ.સ.૧૯૩૧ના આંકડા પ્રમાણે જયારે મુંબઈમાં દર હજારે ૧૫૩ સ્ત્રીઓ અક્ષરજ્ઞાન પામેલી હતી ત્યારે વડોદરામાં એની સંખ્યા ૧૮૪ હતી. આમ વડોદરા કન્યા કેળવણીમાં મુંબઈથી પણ આગળ હતું. તે સમયે નવસારી પ્રાંતમાં દર હજારે કન્યા કેળવણીનું પમાણ ૧૦૦ જેટલુ હતું. રાનીપરજ મહાલો સહિતનો કન્યા કેળવણીનો આ આંક ખરેખર ઘણો કહી શકાય.

**નવસારીપ્રાંતમાં કન્યાશિક્ષણ :–** મલેસર ખાતે કન્યાઓની સર્વપ્રથમ નિશાળ સર જમશેદજીએ ઈ.સ. ૧૮૪૮ માં સ્થાપી હતી. ઈ.સ.૧૮૫૩ માં તેનું મકાન બાંધવામાં આવ્યું. શરૂઆતમાં તો મા–બાપોએ સ્ત્રી કેળવણી તરફ અણગમો બતાવ્યો. એક કુટુંબમાં એક છોકરી લખવા વાંચવાની કેળવણી લેવાની હિંમત બતાવી

ને થોડા દિવસો પછી તેના ઘરમાં કોઈ જુવાનનું મરણ થયું. ત્યારે વહેમી ફોઈઓ રડવા લાગ્યા. માટીડાએ શીખવાનું તે બૈરી શીખી તેથી મરણ થયું એમ કહી હો હા મચાવી દીધી હતી. આ પ્રકારનું વહેમ પારસી કોમમાં હતુ તો અન્ય કામમાં શી વિસાત? ઈ.સ.૧૮૫૭માં બાઈ નવાઝબાઈ તાતા નવસારી જરથોસ્તી કન્યા શાળા શરૂ થઈ. તેમાં લખવા વાંચવા, ભરત ગૃથણ, રાંધવા, ગાવા, સીવવા વગેરે જાતની તાલીમ આપવામાં આવતી.

એ સમયના એક અંદાજ પ્રમાણે નવસારી પ્રાંતના દર છ પુરૂષોમાં એક પુરૂષ ભણેલો હતો. જયારે સ્ત્રીઓમાં દર ૪૦ સ્ત્રીઓએ એક ભણેલી હતી. સ્ત્રી પુરૂષ બંનેનું ભેગુ પ્રમાણ નવસારીમાં દર ૧૦૦ માણસે નવ માણસોનું હતું. વસ્તીનો ચોથો ભાગ આદિવાસી હોવાથી આ પ્રમાણ ઓછું જણાય છે. આદિવાસી લોકો માટે સરકાર તરફથી ખાસ સગવડ આપવામાં આવતી હતી. તેમની કન્યાઓ માટ અલગ છાત્રાલય સહિતની શાળાઓ નવસારી, મહુવા તથા સોનગઢમાં સ્થાપવામાં આવી હતી. ત્યાં મફત કેળવણી ઉપરાંત ખોરાક તથા કપડાં પણ આપવામાં આવતા હતા.[૪]

ઈ.સ.૧૯૧૮–૧૯માં નવસારી પ્રાંતમાં કન્યા કેળવણી અન્વયે ત્રણ પકારની શાળાઓ ચાલતી હતી. સરકારી શાળાઓ, ખાનગી શાળાઓ અને દેખરેખની શાળાઓ. આ પ્રકારની શાળાઓમાં ગુજરાતી, મરાઠી અને ઉર્દૂ માધ્યમમાં શિક્ષણ આપવામાં આવતું હતું. જેમાં સરકારી શાળાઓની સંખ્યા એક હતી. એક ખાનગી ઉર્દૂ શાળા ચાલતી હતી. ચાર દેખરેખની ગુજરાતી શાળા ચાલતી હતી. વિશિષ્ટ સંસ્થાઓમાં એક કન્યા ગાયન વર્ગ ચાલતો હતો. જેમાં સરકારી શાળામાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ૨૯૨૮ હતી. તેમજ ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ હતી. દેખરેખ અને વિશિષ્ટ સંસ્થામાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ૫૬૭ હતી.[૫]

**સરકારી કન્યાશાળાઓનો વિકાસક્રમ :–** સરકાર દ્વારા ૧૯૦૭થી ફરજિયાત શિક્ષણ કાયદો અમલમાં આવતા નવસારી પ્રાંતમાં કન્યાશાળાઓ ખોલવાનો વિકાસક્રમ થઈ પડયો. ગામડામાં ખોલવામાં આવેલી શાળાઓથી કન્યા શિક્ષણનું પ્રમાણ વધ્યું હતું. જયાં કન્યાશાળાની સગવડ ન હોય તેવી ગ્રામ્યશાળામાં સહશિક્ષણ ચાલતું. વાલીઓમાં જાગૃતિ આવતા આવી મિશ્ર શાળાઓમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધી. ઈ.સ.૧૯૦૯–૧૦માં નવસારી પ્રાંતમાં તમામ શાળાઓમાં કુલ ૮૩૬૭ વિદ્યાર્થીનીઓ શિક્ષણ મેળવતી હતી. આ સંખ્યામાં દર વર્ષે વધારો થતો ગયો. કન્યા કેળવણી પ્રત્યે સમાજ જાગૃત બન્યો. ઈ.સ.૧૯૧૪–૧૫માં શિક્ષણ મેળવતી કન્યાઓની સંખ્યા ૧૫૭૧૮ હતી. જે નવસારી પ્રાંતના તે સમયના દશ વર્ષના આંકડા જોતા સૌથી વધારે હતી. ઈ.સ. ૧૯૧૮–૧૯ માં શાળાઓમાં ભણતી કન્યાઓની સંખ્યા ૯૫૫૯ હતી.[૬] આ સંખ્યા આગળના વર્ષો કરતાં ઓછી જણાય છે. શિક્ષણ લેતી કન્યાઓની સંખ્યા ઘટવા પાછળનુ કારણ સરકારે અલગ કન્યાશાળાઓ નાના ગામોમાંથી બંધ કરી તે હતી.

ઈ.સ. ૧૯૧૭–૧૮ માં નવસારી પ્રાંતમાં કન્યા કેળવણી આપતી કુલ ૫૨ સ્કૂલો હતી. સૌથી વધારે સ્કૂલો નવસારી મહાલમાં અને સૌથી ઓછી કન્યા શાળાઓ મહુવા અને માંગરોળ મહાલોમાં હતી. નવસારી મહાલમાં

૧૯ કન્યા શાળાઓ, સોનગઢ મહાલમાં ૩, ગણદેવી મહાલમાં ૧૧, મહુવામાં ૧, પલસાણામાં ૫, વ્યારામાં ૩, કામરેજમાં ૯ અને માંગરોળમાં ૧ કન્યા શાળા ચાલતી હતી.[૭] જેમાં ૧૧૫૪૩ વિદ્યાર્થીનીઓ શિક્ષણ મેળવતી હતી.

ઈ.સ. ૧૯૩૦–૩૧માં ૨૩ કન્યાશાળાઓ નવસારી પ્રાંતમાં હતી. તેમાં નવસારી મહાલમાં ૬, ગણદેવીમાં ૪, પલસાણામાં ૪, મહુવામાં ૨, કામરેજમાં ૫, વ્યારા અને સોનગઢમાં એક– એક હતી. જયારે માંગરોળની કન્યાશાળા બંધ કરી દેવામાં આવેલી.

ઈ.સ. ૧૯૩૮–૩૯માં કન્યાશાળાઓ ઘટીને ૧૬ કન્યાશાળાઓ હતી. બધી જ કન્યાશાળાઓમાં થઈ ૧૫૪૩૦ કન્યાઓ શિક્ષણ મેળવતી હતી. સ્ત્રીઓની સંખ્યાના આધારે ૧૧.૯% સ્ત્રી કેળવણીનું પ્રમાણ હતું.[૮]

ઈ.સ.૧૯૧૫–૧૬ પછી કેટલીક નાની શાળાઓ જેમાં ૭૫ કરતાં ઓછા બાળકો અને બે કરતાં આછા શિક્ષકો હોય તેવી બિનકાર્યક્ષમ શાળાઓ બંધ કરાઈ. [૯] શાળાઓના ઘટાડા અંગે કેળવણી ખાતાએ જણાવ્યું કે સહશિક્ષણ આપવા સામે વિરોધ ઘટતાં કેટલેક ઠેકાણે છોકરા– છોકરીઓ માટે જુદી–જુદી શાળાઓ રાખવાને બદલે સહશિક્ષણ આપવા નાની શાળાઓ ભેળવી દેવામાં આવી. કન્યાશાળાઓ ભલે ઘટી પણ કન્યાશિક્ષણમાં ઘટાડો થયો ન હતો. આમ છતાં કન્યા કેળવણી તરફ રાજપુત, બારોટ, મુસલમાન વગેરે કોમો અણગમો બતાવી રહી હતી. જો કે તેમાં પણ સુધારો થતો જતો હતો.

**ટાટા ગર્લ્સ સ્કૂલ :–** નવસારીપ્રાંતમાં સરકારી દેખરેખ વાળી કન્યાશાળાઓમાં શરા કન્યાશાળા,નવસારી,સર જ.જી.કન્યાશાળા નવસારી, સર જ.જી.કન્યાશાળા બિલીમોરા, સર જ.જી.કન્યાશાળા ગણદેવી તથા ટાટા ગર્લ્સ સ્કૂલ નવસારી હતી. તેમાં નવસારીના મોટા પારસીવાડમાં પારસી કન્યાઓની કેળવણી માટે 'બાઈ નવાજબાઈ ટાટા ગર્લ્સ સ્કૂલ' નામની સંસ્થા ઈ.સ.૧૮૫૮ માં સ્થાપવામાં આવી હતી. આ શાળામાં ઈ.સ. ૧૯૩૫ માં અંગ્રેજી ભાષાનું મેટ્રીક સુધીનું શિક્ષણ અપાતું હતું. શાળાના શિક્ષણ સંચાલનનો મુખ્ય ભાર સ્ત્રી શિક્ષકો પર હતો. તેઓએ સ્કૂલનો સારો વિકાસ કર્યો હતો. ઈ.સ. ૧૯૩૫ના ઓકટોબર માસથી આ સંસ્થા તરફથી અંગ્રેજી અને ગુજરાતી ત્રિમાસિક કાઢવામાં આવતું. આ માસિકની છપાઈ તેમજ લેખો ઘણા સુંદર છે. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પાસેથી કાંઈ ફી લેવામાં આવતી ન હતી. શાળામાં એ સમયે ૨૭૫ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતી હતી.

અક્ષરજ્ઞાન ઉપરાંત સંગીત, ચિત્રકામ, ભરત, સિવણ અને કુશ્તી વણવાના ખાસ વર્ગો ચલાવવામાં આવતા. શાળા તરફથી ગર્લ ગાઈડ અને બ્લૂ બર્ડની ટૂકડીઓ ઉભી કરવામાં આવેલી. આ ટૂકડીઓમાં કુલ ૪૪ ની સંખ્યા હતી.

એ સમયે આ સંસ્થા કોઈ પ્રકારની ગ્રાન્ટ સરકારમાંથી લેતી ન હતી.

આ શાળા જો કે ઈ.સ.૧૮૫૮ માં સ્થપાઈ હતી. તો પણ તેનું તંત્ર વધુ સુનિયંત્રિત રીતે ઈ.સ.૧૮૮૬ થી ચાલવા લાગ્યું.[૧૦]

સર્વ કોમની સ્ત્રીઓને જ્ઞાન અને હુન્નર કસબની તાલીમ આપનાર શ્રી મહારાણી ચીમનાબાઈ મહિલા વિશ્રામનુ સ્થાન પણ નવસારીમાં અનોખું છે. આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૨૮ માં કરવામાં આવી. મુંગી અને ઉપયોગી સખાવતો કરનાર મર્હુમ બાઈશ્રી રતનબાઈ ટાટાની ઉદાર સખાવતથી આ સંસ્થા પોતાનું સુંદર મકાન ધરાવે છે. સંસ્થામાં ખાસ કરીને ઔદ્યોગિક શિક્ષણ આપવામાં આવતું. સિવણ, ભરત ગુંથણ, સંગીત અને સામાન્ય માહિતીના વિષયો શીખવવામાં આવતા.[૧૧]

તળ નવસારીમાં એક ગુજરાતી કન્યાશાળા(સ્થાપના–મે–૮૫) અને એક ઉર્દૂ કન્યા શાળા(સ્થાપના ઓકટો–૦૨) ચાલતી. ઈ.સ.૧૯૩૦–૩૧માં પણ સરકારી કન્યા શાળાઓની સ્થિતિ તળ નવસારીમાં આજ હતી.[૧૨]

ખાનગી સહાયથી કઠોરમાં એક ઝનાના વર્ગ ચાલતો તેમાં ઈ.સ.૧૯૩૫માં ૫૫ વિદ્યાર્થીનીઓ ભણતી.[૧૩]

નવસારી પ્રાંત સર્વસંગ્રહ પ્રમાણે ૨૮ કન્યા શાળાઓ જુદા–જુદા તાલુકાઓમાં ચાલતી. જેમાં નવસારી તાલુકામાં ૧૦, ગણદેવી તાલુકામાં ૫, પલસાણા તાલુકામાં ૩, કામરેજ માં ૬, જયારે મહુવા, માગરોળ, સોનગઢ અને વ્યારામાં એક– એક કન્યા શાળા ચાલતી.[૧૪] આ સ્થિતિ વિલીનીકરણ સુધી જળવાઈ રહેલી.

**કન્યા છાત્રાલયો :–** આદિવાસી કન્યાઓ પણ શિક્ષણમાં પછાત ન રહી જાય તેની કાળજી રાખી શ્રીમંત મહારાજે કન્યા રાનીપરજ વસતીગૃહ(છાત્રાલય) પણ સોનગઢ અને મહુવા ખાતે શરૂ કરવામાં આવેલા. વસતીગૃહમાં રહેતી કન્યાઓને મફત ખાવા પીવા તૃથા રહેવા મળતું. તેમજ શિક્ષણ સાહિત્ય પણ પૂરું પાડવામાં આવતું.

**મહિલા પુસ્તકાલય :–** નવસારીમાં મહિલા વિશ્રામના મકાનમાં સ્ત્રીઓને માટે ઈ.સ.૧૯૩૨થી શ્રી કેખશરૂ બામજી મહિલા પુસ્તકાલય સંસ્થા કાઢવામાં આવેલી. તેની સાથે એક વાંચનાલય પણ ખોલવામાં આવેલું. આ પુસ્તકાલયમાં ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ભાષાના મળી ૧૭૨૯ પુસ્તકો ઈ.સ.૧૯૩૫માં હતા. તે સમયે પુસ્તકાલય વિભાગમાં સ્ત્રી વાચકોની સંખ્યા ૩૯૪૧ ની હતી.[૧૫]

સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની એક ફીમેલ ટ્રેનિંગ કોલેજ વડોદરામાં ચાલુ કરવામાં આવેલી.

**ઉપસંહાર :–** આમ, જોઈ શકાય છે કે કોઈપણ પ્રકારના શિક્ષણની કલ્પના સુધ્ધાં ન હતી ત્યાં રૂઢિચુસ્ત સમાજના પ્રતિભાવોની પરવા કર્યા વગર જે રીતે કન્યા શિક્ષણની વ્યવસ્થા પ્રાંતમાં રાજય દ્વારા ઊભી કરવામાં આવી તે ખરેખર અહોભાવ પ્રેરે છે.આદિવાસી કન્યાઓ પણ શિક્ષણથી વંચિત રહી ન જાય તેની મહારાજે કાળજી રાખી હતી. ફરજિયાત શિક્ષણને લઈને કન્યા કેળવણીનો વિકાસ ઝડપી બન્યો હતો. આ સાથે ખાનગી રાહે ઉદાર સખાવતીઓની સહાયથી જે સ્કૂલો ચાલતી તથા તેમનું સમાજસુધારણા માટે પીઠબળ મળતુ તનાથી કન્યા કેળવણીનો પ્રયોગ પણ સફળ થયો. મહારાજા સયાજીરાવ ત્રીજાની સ્ત્રીઉત્થાન માટે કન્યા કેળવણીની દાર્ઘ દ્રષ્ટિ એ નવસારી પ્રાંતમાં સ્ત્રી ઉત્થાનમાં અગત્યનો ભાગ ભજવ્યો.

## પાદનોંધ :–


૧. દેસાઈ સો.મ.,''તવારીખે નવસારી'',ડાૅ.ઘનજીભાઈ હોરમસજી મહેતા,૧૯૩૯. પૃ.૮૯.

૨. વૈદ્ય ચિંતામણી વિનાયક,''શ્રી સયાજી ગૌરવગ્રંથ'',જન્મ દિવસ મહોત્સવ મંડળ,વડોદરા–૧૯૩૩. પૃ.૧૪૧.

૩. એજન–પૃ.–૧૮૪.

૪. સુરત જિલ્લા સર્વસંગ્રહ.પૃ.–૪૮૫.

૫. દેસાઈ ગોવિંદભાઈ હા,''નવસારીપ્રાંત સર્વસંગ્રહ'',વિઠ્ઠલભાઈ આશારામ ઠક્કર,લુહાણા મિત્ર પ્રેસ, વડોદરા,૧૯૨૦. પૃ.૩૬૯.

૬. એજન–પૃ.–૩૭૬.

૭. ૧૯૧૭–૧૮ ના વડોદરા રાજયનો પબ્લીકઈન્સ્ટ્રકશન રીપોર્ટ.

૮. ૧૯૩૮–૩૯ ના વડોદરા રાજયનો સેન્સસ રીપોર્ટ. પૃ.૭૬–૭૭.

૯. ગુજરાત રાજય જિલ્લા સર્વસંગ્રહ,વલસાડ જિલ્લો, પૃ.–૪૯૪.

૧૦. દીનશાહ ર.ફ.દાબુ,''હીરક યુગનું નવસારી'',૧૯૩૬. પૃ.–૧૫.

૧૧. એજન–પૃ.–૧૫–૧૬.

૧૨. એજન–પૃ.–૧૬–૧૭.

૧૩. વડોદરા રાજય પબ્લીક ઈન્સ્ટ્રકશન રીપોર્ટ–૧૯૩૫–૩૬.

૧૪. પટેલ કમલેશ,''ગાયકવાડી સમયમાં નવસારી પ્રાંતમાં શિક્ષણ'' અપ્રગટ લઘુશોધ નિબંધ,વીર નર્મદ દ.ગુ.યુનિ.,સુરત.૨૦૦૪.પૃ.૧૮૩.

૧૫. પૂર્વોક્ત(૧૦).–પૃ.–૨૨.